# ચાલો સાથે મળી ભગવાન જગન્નાથની નગરચર્યામાં પૂજા-અર્ચના કરીએ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ૧૯૮૫ થી આરંભાયેલ ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા કે જે નગરમાં પરિભ્રમણ કરી ભગવાન ભક્તોને દર્શન દેવા ભ્રમણ કરશે ત્યારે ગાંધીનગરના તમામ વસાહત મંડળો, વેપારી મંડળો, મહીલા મંડળો સાથે મળી તેમના સેક્ટરમાં ભગવાનનો રથ અને યાત્રીઓ આવે ત્યારે તેમની પૂજા-અર્ચના અને યાત્રીઓનું યથાયોગ્ય સ્વાગત કરીએ તેવી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, વેપારી મંડળ અને મહિલા મંડળો વિનંતી કરે છે.

પંચદેવ મંદિરથી શરૂ થનાર સવારે ૭ વાગે યાત્રા સેક્ટર-૨૨ શોપીંગ પર વેપારી મંડળ, સેક્ટર-૧૭ વસાહત મંડળ, હનુમાનજી મંદિર, નાગરિક બેંક - સેક્ટર-૧૬ વસાહત મંડળ અને વેપારી મંડળ, સેક્ટર-૧૫ ફતેપુરા ગ્રામજનો, સેક્ટર-૧૩ વસાહત મંડળ લીંબાચમાતા મંદિર, સેક્ટર-૧૨, સેક્ટર-૬ ભુવનેશ્વર મહાદેવ પરિવાર તથા સંત રોહિદાસ મંદિર પરિવાર, સેક્ટર-૬ વસાહત મંડળ, સેક્ટર-૭ વસાહત મંડળ, સેક્ટર-૨ વસાહત મંડળ, સેક્ટર-૧૯ શોપીંગ સેન્ટર, સે. ૮ વસાહત મંડળ વેપારી મંડળ, સેક્ટર-૨૦ અક્ષરધામ, વસાહત મંડળ, સેક્ટર-૩૦ વસાહત મંડળ, ગુરૂદ્વારા, જાગૃતિપાર્ક ખાતે સ્વાગત કરવા વિનંતી છે.

શ્રી જલારામ મંદિર ખાતે યાત્રા વિરામ, ભોજન પ્રસાદ લી સેક્ટર-૨૮ મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત થશે. દત્તમંદિર, બ્રહ્માકુમારી વિદ્યાલય થઈ સેક્ટર-૨૭, સેક્ટર-૨૪, ૨૭, આદર્શનગર શોપીંગ, આર્યસમાજ મંદિર, સેક્ટર-૨૪, ભારતનગર, ઈન્દીરાનગર, પાઠ્યપુસ્તક વસાહતમંડળ શોપીંગ સેન્ટર થઈ સેક્ટર-૨૨-૨૯ ગુરૂકુળ, વૈજનાથ મંદિર, સેક્ટર-૨૧ શાકમાર્કેટ, અંબાજી માતા મંદિર થઈ પંચદેવ મંદિર પરત ફરશે. દરમ્યાનમાં તમામ જગાએ વસાહત મંડળો, વેપારી ભાઈઓ, મંડળો, જ્યોતિ મહિલા મંડળની બહેનો રથયાત્રા, ભગવાન જગન્નાથજી તથા યાત્રીઓનું સ્વાગત કરશે તેવી વિનંતી મહામંડળ વતી અરૂણ બુચ, મયુર વ્યાસ, સી.પી. સોની, સુધીર દેસાઈ, સીતારામ પટેલ, કશ્યપ મહેતા, રાજેન્દ્ર પારેખ, હસમુખ ઠાકર, ચંદુજી ઠાકોર, ભાનુભાઈ દવે, કાલીદાસભાઈ પટેલ, અશોક પોપટ, લતાબેન ચોકસી, ચેતનાબેન બુચ, પુષ્પાબેન મહેતા, રજુજી ગોલ સહિત આગેવાનોએ રથયાત્રામાં જોડાવા તેનું યથાયોગ્ય સેક્ટરોમાં સ્વાગત કરવા વિનંતી કરવામાં આવી છે.



## ચિલોડા સર્કલે હાઈ માસ્ક લાઈટની તાતી જરૂર

ગાંધીનગર તાલુકાનું ચિલોડા સર્કલ પાટનગરના પ્રવેશ દ્વાર સમુ છે, તેમજ અંહીથી અમદાવાદ, દહેગામ, હિંમતનગર, સાદરા તરફના માર્ગો અને ગાંધીનગર શહેરને નેશનલ હાઈવે સાથે જોડે છે. અહીં રાત-દિવસ અસંખ્ય વાહનો અને અગણિત મુસાફરોની સતત આવન-જાવન રહે છે. સર્કલની નજીકમાં જ પોલીસ સ્ટેશન, પેટ્રોલ પંપ, બસસ્ટેન્ડ, કોમર્શિયલ કોમ્પલેક્ષ તેમજ અન્ય બજારો પણ આવેલા છે. અહીં ઘણા સમયથી સુરક્ષાના હેતુસર સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવ્યા છે. પરંતુ હજુ ખાટલે ખોડ એ રહી ગઈ છે કે નેશનલ હાઈવે પરના સૌથી વ્યસ્ત અને અનેક શહેરો તરફના વાહનો મેળવવા માટે મુસાફરો માટેના કી-પોઈન્ટ સમા આ સર્કલ પર રાત્રીના સમયે હાઈ માસ્ક લાઈટની સુવિધા કરવામાં નથી આવી. જેથી અકસ્માતનો તો ભય છે જ પરંતુ રાત્રે મહિલાઓ અને વૃદ્ધો માટે જોખમી બની જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સર્કલ રક્ષા યુનિવર્સિટી દ્વારા દત્તક લેવાયું છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# બંધ કરી દેવાયેલા કેટલાક રૂટ પર બસ સેવા પુનઃ શરૂ કરવા વીટકોસમાં રજૂઆત

### સેક્ટર-૧૨, ૧૩, ૧૪ અને ૨૧ રૂટ બંધ કરી દેવાતા ઘણા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ શહેરી બસ સુવિધાનો લાભ લઇ શકતા નથી

ગાંધીનગર, તા. ૨૪

શહેરીજનોને પરિવહનમાં મુશ્કેલી ન પડે તે અર્થે ગાંધીનગરમાં શરુ કરવામાં આવેલી વીટકોસ બસનો લાભ શહેરીજનો જ નથી લઈ શકતા. ગાંધીનગરમાં સમાવિષ્ટ સેકટરોના આંતરિક માર્ગ પરથી પહેલા મુસાફરોને લઈ જતી વીટકોસ બસે કેટલાક રુટ બંધ કરી દેતા શહેરીજનો તેના લાભ થી વંચિત રહી જાય છે. બધ કરી દેવાયેલા રુટ પૈકી સે-૧૨, ૧૩, ૧૪ અને ૨૧ પરના રુટ પર વીટકોસ પુનઃ શરુ કરી બસો દોડાવવા શહેરીજનોએ રજૂઆત કરી છે. નોંધનીય બાબત છે કે આ વિસ્તારમાં રહેતા મોટાભાગના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ વીટકોસ બસ સુવિધાનો લાભ લઈ શકતા નથી.

ગાંધીનગર શહેરમાં રહેતા નાગરિકોને માર્ગ પરિવહનમાં મુશ્કેલી ન પડે તે અર્થે ગાંધીનગર શહેરી બસ સેવા વીટકોસ શરુ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં ગાંધીનગરના મોટાભાગના સેક્ટરોના આંતરિક રુટને આવરી લઈને બસ સેવા ચાલુ કરવામાં આવી હતી. પરંતુ સમય જતા જે રુટ પર વધુ મુસાફરો મળી રહે છે તેવા રૂટો પર ફેરા ત્રણ ગણા કરી દેવાયા અને જે રુટ પર થોડા ઓછા મુસાફરો મળતા હતા તેવા મોટાભાગના રુટ બંધ કરી દેવામાં આવ્યા. જેને પગલે શહેરના મોટાભાગના સેક્ટરોના રુટ બંધ કરી દેવાતા શહેરીજનો આ શહેરી બસ સેવાનો લાભ લઈ શકતા નથી. બંધ કરી દેવાયેલા કેટલાક સેક્ટરના રૂટો પૈકી સે-૧૨, ૧૩, ૧૪ અને ૨૧ ના રૂટોનો સમાવેશ થાય છે. આ બંધ કરાયેલા રૂટો પુનઃ શરુ કરવા માટે સે-૧૪ માં રહેતા રેવાભાઈ પરમારે વીટકોસ મેનેજરને રજૂઆત કરી છે.



# અપરણિત - નિરાધાર - વિધવા પુત્રીને પેન્શનર્સના વારસદાર તરીકે ગણવા પેન્શન સમાજની રજુઆત

ગાંધીનગર, તા. ૨૪

સ્ત્રી સશક્તિકરણ મહિલાને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવા બાબતે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ એન. પ્રજાપતિ અને કાર્યકારી પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટ, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા શ્રી સૌરભભાઈ પટેલ સમક્ષ રજુઆત કરેલ છે.

૬ઠ્ઠા પગારપંચમાં પેન્શનરના અવસાન પછી તેની નિરાધાર-ત્યકતા-અપરણિત-વિધવા પુત્રીને ઉંમરના બાધ વિના આજીવન કુટુંબ પેન્શન આપવાનું સ્વીકારેલ છે અને કેન્દ્ર તથા કેટલાય રાજ્યોએ સ્વીકારેલ છે. રાજસ્થાન સરકારે પણ સ્વીકારેલ છે. પરંતુ હજી સુધી ગુજરાત સરકારમાં કોઈ કાર્યવાહી થઈ હોવાનું જણાતું નથી.

રાજ્યભરના પેન્શનમંડળો, ફેડરેશન વિ. મા-બાપ બન્નેના અવસાન બાદ નિરાધાર પુત્રીને પેન્શન આપવાની માંગણી કરેલ છે.

સરકારની કેટલીય યોજનાઓ ગરીબ કલ્યાણ મંડળ, વનબંધુ વિકાસયાત્રા, પછાત વર્ગના વિદ્યાર્થીઓને સાયકલ વિતરણમાં કરોડોની યોજનાઓમાં ખર્ચ થાય છે. જેની સામે તણખલા સમાન પેન્શનરોની માગણી છે. રાજ્યમાં ૩૬૦૦ જેટલી અપરણિત ત્યકતા, નિરાધાર કન્યાઓ છે. જેનું પેન્શનકર્ચ રૂ. ૩ કરોડનો ખર્ચ થાય તેવો અંદાજ છે. કેન્દ્ર સરકારના ધોરણ નિયમોનુસાર આ પેન્શન દીકરીઓને આપવા પાત્ર છે. જે ઉચીત માંગણી છે. તો શક્ય તેટલી વહેલી તકે સરકારે આ અંગેના ઠરાવ બહાર પાડવો જોઈએ.

ગાંધીનગ શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિ, મહામંત્રી શ્રી કે.ઓ. વ્યાસ, કાર્યકરી પ્રમુખ શ્રી જયંતભાઈ ભટ્ટે રજુઆત કરેલ છે.

# પેથાપુરમાં મકાન પરથી પસાર થતી વીજ લાઈન દુર કરવામાં તંત્રને રસ નથી

### સ્થાનિક રહીશ દ્વારા મકાનનો માળ બનાવવાનો હોવાથી અનેક વખત રજુઆત કરવામાં આવી છે

ગાંધીનગર, તા.૨૪

પેથાપુરમાં પ્લોટ નં. ૨૦૯૫ પરથી પસાર થતા ઈલેકટ્રીક વીજ વાયરને અન્યત્ર ખસેડવા માટે મકાન માલિક લાલુભાઈ મનસુરી દ્વારા કરવામાં આવેલી માંગણીને ઉત્તર ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર પાસેના પેથાપુરમાં વસતા લાલુભાઈ મનસુરીએ પોતાના મકાન પ્લોટ નં. ૨૦૯૫ પર પોતાનું મકાન આવેલું છે ત્યારે મકાનમાં સંકડાશ અનુભવતા તેમને ઉપર માળ બનાવવો છે. પરંતુ મકાન ઉપરથી ઈલેકટ્રીક વીજ વાયર પસાર થઈ રહ્યા છે જે મકાન બનાવવામાં અડચણ રૂપ સાબિત થઈ રહ્યા છે ત્યારે લાલુભાઈ દ્વારા આ લાઈનને સાઈડમાં ખસેડવા માટે લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. ત્યારે તંત્ર દ્વારા ૩૧૮૧૨ રૂપિયાનું એસ્ટિમેન્ટ આપતા લાલુભાઈ ચોંકી ઉઠયા હતા. પોતાના મકાન ઉપરથી પસાર થતી લાઈનને દુર કરવા માટેનું એસ્ટીમેન્ટ સાંભળી લાલુભાઈએ કલેકટર કચેરીમાં પણ લેખિત રજુઆત કરી છે.

અગાઉ યુ.જી.વી.સી.એલ. દ્વારા પેથાપુરમાંથી આવી અનેક ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું છે ત્યારે લાલુભાઈનું કામ કેમ કરવામાં આવતું નથી તે પણ એક પ્રશ્ન છે. લાઈનને સાઈડમાં ખસેડવામાં તકલીફ પડતી હોય તો ઈન્સ્યુલેશન વાળા વાયરોને ઈંગલો સાથે લગાવીને સાઈડમાં રાખી શકાય છે પરંતુ તંત્રને કામ કરવામાં કોઈ જ રસ ન હોય તેવું દેખાઈ રહ્યું છે.

ત્યારે જો યુજીવીસીએલ દ્વારા લાલુભાઈના મકાન પરથી ઝડપથી વાયરો હટાવવામાં નહિ આવે તો લાલુભાઈને પોતાના સિંગલ મકાનમાં જ રહેવું પડશે ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ વીજ લાઈન સાઈડમાં કયારે કરે છે.

## સહયોગ મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં સેવાકીય કાર્યો કરતી અનેઅનેકવિધ જગ્યાએ પોતાની સેવાની સુગંધ પાથરતી સહયોગ મંડળ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા સર્કીટહાઉસ ગાંધીનગર ખાતે મળી હતી. સભામાં ગત વર્ષના નાણાંકિય હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. તેમજ આગામી વર્ષની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યાર બાદ મંડળના આગામી બે વર્ષ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ - ભગુભાઈ પટેલ, મંત્રી બહેચરભાઈ પ્રજાપતિ, સહમંત્રી દશરથ પરમાર, ખજાનચી-દિલીપસિંહ રાજપુત, સહખજાનચી, રતિલાલ સુથાર, કારોબારી સભ્યો - રમેશભાઈ ત્રિવેદી, કે.કે. જાડેજા, નટુભાઈ પટેલ, રસિકભાઈ ગાંધી, કિરીટસિંહ વાઘેલા, દશરથભાઈ પટેલ તેમજ સલાહકાર તરીકે જી.એન. ખારોડ, રવિન્દ્ર દવે, જે.એમ. પરીખ અને કે.બી. વ્યાસની વરણી કરવામાં આવી હતી.

## વીરમાયા સ્મારક સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત વણકર સમાજ તથા વીરમાયા સ્મારક સમિતિની પ્રથમ બેઠક તાજેતરમાં અમદાવાદના ગાંધીઆશ્રમ સ્થિત સફાઈ વિદ્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં સંસ્થાની વર્તમાન પરિસ્થિતિ અને નિર્માણાધિન માયાદેવ સ્મારક અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકના પ્રારંભે ગુજરાત વણકર સમાજના પ્રમુખ ઝવેરભાઈ ચાવડાએ સર્વેના સૂચનને ધ્યાનમાં લઈ અમલ કરવા જણાવ્યું હતું. જયારે માયાદેવનું સ્મારક કામ પાટણમાં ચાલી રહ્યું છે તેની મુલાકાત લેવા પણ અનુરોધ કર્યો હતો ઉપરાંત સ્મારકનું બાંધકામ યોગ્ય રીતે થાય તે માટે ફાળો નોંધાવવા પણ અપીલ કરી હતી.

## સે. ૬ અંબિકા ટ્રસ્ટના હોદ્દેદારો નિમાયા

શહેરના સેક્ટર-૬-એ ખાતે કાર્યરત અંબિકા સેવા ટ્રસ્ટની ૧૩મી વાર્ષિક સાધારણ સભા અંબાજી માતાના સાનિધ્યમાં યોજવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪-૧૫ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કિશનભાઈ બ્રહ્મભટ્ટ, ઉપપ્રમુખ તરીકે નટુભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, મંત્રી તરીકે રાહુલ પટેલ, સહમંત્રી તરીકે યશપાલ ભોજક, ખજાનચી તરીકે શિરીષભાઈ રાણા અને સલાહકાર તરીકે જે.સી. બારોટ અને રામભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ-ગાંધીનગરની વાર્ષિક સાધારણ બેઠક મળી હતી. જેમાં ગાંધીનગરની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રમુખ તરીકે રમેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તરીકે ચેતનભાઈ માથુડીયા અને ગોવિંદભાઈ નસીત, મંત્રી તરીકે બાબુભાઈ પાનેલીયા, સહમંત્રી તરીકે ભરતભાઈ પાંભર, ખજાનચી તરીકે ગગજીભાઈ ઘેલાણી અને આંતરીક ઓડીટર તરીકે બીપીનભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.






(તસવીર : કશ્યપ નિમાવત)

## ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીને ભાજપના યુવા મોરચાએ રક્તદાન કરી શ્રદ્ધાંજલિ આપી

ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા દ્વારા આજે ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનો બલિદાન દિવસ હોવાથી એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમ્યાન ૭૦ થી વધુ બોટલ રક્ત એકત્ર કરાયું હતું. ભાજપ શહેર પ્રમુખ નીતિનભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારો ઉપરાંત યુવા મોરચાના કાર્યકરોએ રક્તદાન કેમ્પમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભાજપ યુવા મોરચાના પ્રમુખ પદમસિંહ ચૌહાણ, મહામંત્રી ધવલ દવે, મુયર પટેલ, ભરત ઠક્કર, બિપીન પટેલ, યુવરાજસિંહ, બિમલભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન કેમ્પમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક સ્ટાફ દ્વારા પ્રશંસનીય સેવાઓ આપવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦
હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦
હોલીડે : ૭.૦૦
હમશકલ : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હમશકલ : ૧૦.૦૦
મછલી જલ કી રાની હૈ : ૪.૦૦
ફગલી : ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
હમશકલ : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. ડાહ્યાભાઈ સોમચંદ પરમાર (ઉ.વ. ૫૮) ૪૪૧/૧, સેક્ટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. વાઘેલા વિક્રમસિંહ તખતસિંહ (ઉ.વ. ૪૧) મુ.પીંડારડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. હિરાબેન ગાંડાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.રૂપાલ, તા.જી. ગાંધીનગર.